### મકરપુરા ખાતે SRP ગ્રુપ-૯ની પાછળની દિવાલ ઓળંગીને ચોર આવ્યા હતાં

# ગ્રીનપાર્ક સોસાયટીના પાંચ મકાનના તાળા તૂટ્યા



**ચોર ટોળકી** CCTVમાં કેદ, પોલીસ દ્વારા તપાસ શરૂ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી ગ્રીન પાર્ક સોસાયટીમાં તસ્કરોની ટોળકીએ મોડીરાત્રે ધાડ પાડી એક સાથે પાંચ મકાનોનાં તાળા તોડી ચકચાર મચાવી દીધી છે. ઘટનાથી સમગ્ર સોસાયટીમાં રહેતાં લોકોમા ભયનો માહોલ ફેલાયો છે. તસ્કરોની હિલચાલ સોસાયટીમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ જતાં પોલીસે તેના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ચોરીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે ત્યારે પાંચ જેટલા તસ્કરોની ટોળકી SRP ગ્રુપ-9ની પાછળની દિવાલ ઓળંગીને ગ્રીન પાર્ક સોસાયટીમાં પ્રવેશી હતી.

ત્યારબાદ ટોળકીએ અલગ-અલગ મકાનોને નિશાન બનાવી પાંચ ઘરોના તાળા તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક રહીશો એકત્ર થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી.CCTV ફૂટેજમાં તસ્કરો સોસાયટીમાં ફરતા અને મકાનોની રેકી કરતા સ્પષ્ટ જોવા મળતા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે મકરપુરા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને ફૂટેજ સહિતના પુરાવા એકત્ર કરી તપાસ હાથ ધરી છે.

### સિનિયર સિટિઝનને નિશાન બનાવતી ચોર ગેંગનો પર્દાફાશ

# રિક્ષામાં મહિલાને બેસાડી નજર ચૂકવી પર્સમાંથી સોનુ- રોકડ ચોરતાં બે ઝબ્બે

**ગુનામાં ઉપયોગમાં** લેવાયેલી ઓટો રીક્ષા સહિત રૂ.11.03 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરમાં સિનિયર સિટિઝનોને સરળ શિકાર સમજી ટાર્ગેટ કરતી ચોર ટોળકીનો બાપોદ પોલીસે પર્દાફાશ કર્યો છે. રીક્ષામાં બેસાડી વાતોમાં ભોળવી અને નજર ચૂકવી પર્સમાંથી કિંમતી સામાન સરી લેતી ગેંગના બે સભ્યોને પોલીસે ઝડપી પાડી તેમની પાસેથી ચોરીનો તમામ મુદ્દામાલ તેમજ ગુનામાં વપરાયેલી રીક્ષા કબજે કરી છે. પોલીસે સોનું, રોકડ રકમ તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલી ઓટો રીક્ષા સહિત રૂ.11.03 લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સિનિયર સિટિઝનોને નિશાન બનાવી ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે. આવી જ એક ઘટનામાં ગત 16 જૂન 2026ના રોજ સવારે આશરે 10 વાગ્યાના અરસામાં



બાપોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક વયોવૃદ્ધ મહિલાને રીક્ષામાં બેસાડી તેમની નજર ચૂકવી પર્સમાંથી સોનાના દાગીના અને રોકડ રકમની ચોરી કરવામાં આવી હતી. બનાવ અંગે મહિલાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. બાપોદ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. લાડુમોરના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા. સાથે જ હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપીઓ સુધી પહોંચવા માટે અલગ-અલગ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી હતી.તપાસ દરમિયાન પોલીસને ચોરીમાં સંડોવાયેલા આરોપીઓ તથા ગુનામાં વપરાયેલી રીક્ષાની ઓળખ મળી હતી. મળેલી ચોક્કસ માહિતીના આધારે પોલીસે કનુભાઈ ભુપતભાઈ દેવીપુજક (ઉં. 37, રહે. આંગરીયા ગામ, તા. રાજુલા, જિ. અમરેલી) અને પ્રતાપભાઈ પુનાભાઈ દેવીપુજક (ઉં. 21, રહે. રાજુલા, જિ. અમરેલી)ને ઝડપી પાડ્યા હતા.પોલીસે બંને આરોપીઓની પૂછપરછ કરતા તેમણે ચોરીનો ગુનો કબૂલ્યો હતો. ત્યારબાદ તેમની પાસેથી ચોરાયેલું સોનું, રોકડ રકમ તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલી ઓટો રીક્ષા સહિત રૂ.11.03 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.બાપોદ પોલીસની ઝડપી અને અસરકારક કામગીરીના કારણે સિનિયર સિટિઝન મહિલાને ન્યાય મળ્યો છે,

### ફતેગંજની જ્વેલર્સની દુકાનમાંથી દાગીનાની ચોરી કરનાર મહિલા ઝડપાઈ

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં આવેલી મહાલક્ષ્મી જ્વેલર્સમાંથી સોનાના દાગીનાની ચોરી કરનાર મહિલાને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી હતી. ફતેહગંજ પોલીસે CCTV ફૂટેજ અને બાતમીના આધારે કાર્યવાહી કરી આરોપી પાસેથી રૂ.62 હજારના સોનાના દાગીના કબજે કર્યા છે. ફતેગંજની મહાલક્ષ્મી જ્વેલર્સમાં ચોરીની મહિલાને ઝડપી પાડવા પોલીસે દુકાન અને આસપાસના લગભગ 35 જેટલા CCTV કેમેરાની તપાસ કરી હતી. તપાસ દરમિયાન ઓરેન્જ રંગની સાડી પહેરેલી અને હાથમાં પર્સ ધરાવતી મહિલાની ઓળખ થઈ હતી. પોલીસે ગણપતિ ચોકડી નજીકથી મહિલાને ઝડપી પાડી હતી. મહિલા પોલીસ કર્મચારીઓએ તપાસ કરતાં તેના પર્સમાંથી બે જોડ સોનાની બુટ્ટી અને એક સોનાની વીંટી મળી આવી હતી. પૂછપરછ દરમિયાન મહિલાએ મહાલક્ષ્મી જ્વેલર્સમાંથી દાગીના ચોર્યાની કબૂલાત કરી હતી. પોલીસે સંગીતાબેન રાજુ મહીડાની ધરપકડ કરી તેની પાસેથી રૂ.62 હજારના સોનાના દાગીના કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ધોળા દિવસે સમા વિસ્તારમાં આવેલા બંધ મકાનનું તાળું તોડી રૂ.૧.૭૬ લાખની ચોરી

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દિવસ દરમિયાન પણ ચોરીના બનાવો વધતા જોવા મળી રહ્યા છે. સમાના ખોડીયારનગર પાસે આવેલી રાધિકા પાર્ક સોસાયટીમાં રહેતા મિતેશ પરમારે 3 જૂનના રોજ તેમની પત્ની અને ભાઈ કામ અર્થે દિવાળીપુરા ગયા હતા. જ્યારે તેઓ પોતે પણ કામ પર ગયા હતા. બપોરના સમયે ટિફિન ઘરે રહી ગયું હોવાનું યાદ આવતા તેઓ જમવા માટે ઘરે પરત ફર્યા હતા. ત્યારે ઘરનું મુખ્ય તાળું તૂટેલી હાલતમાં જોવા મળ્યું હતું. ઘરની અંદર તપાસ કરતાં અજાણ્યા તસ્કરોએ કબાટમાંથી ચાંદીના વિવિધ દાગીના તેમજ રોકડ રૂ.20 હજાર મળી રૂ.1.75 લાખ જેટલી માલ મત્તાની ચોરી કરીને ગયા હતા. તેઓએ સમા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજ તેમજ અન્ય ટેકનિકલ પુરાવાના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

### ધુમાડો નીકળતા રહીશોમાં ભયનો માહોલ,સમયસૂચકતાથી જાનહાનિ ટળી

# અલકાપુરીના કેશવ ફ્લેટમાં વીજ મીટર રૂમમાં શોર્ટ સર્કિટથી આગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.25

વડોદરા શહેરના પોશ વિસ્તાર અલકાપુરી પાસે આવેલા કેશવ ફ્લેટના ગ્રાઉન્ડ ફ્લોર પરના ઈલેક્ટ્રિક મીટર રૂમમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. પ્રાથમિક તપાસમાં ઈલેક્ટ્રિક મીટરોમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે. મીટર રૂમમાં લાગેલીવલ આગે જોતજોતામાં આખા મીટર રૂમને લપેટમાં લઈ લીધો હતો. મીટર રૂમમાંથી નીકળતા કાળા ધુમાડાના ગોટેગોટા અને જ્વાળાઓ દૂર સુધી દેખાતા હતા, જેના કારણે ફ્લેટમાં રહેતા રહીશોમાં ભારે ભય અને ફફડાટ ફેલાઈ ગયો હતો. અનેક લોકો પોતાના ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ બે ગાડીઓ સાથે અને એમજીવીસીએલની ટીમ



તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ફાયર જવાનોએ ગણતરીની મિનિટોમાં જ આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે બુઝાવી દેવામાં આવી હતી અને કુલિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. જો ફાયર વિભાગ સમયસર ન પહોંચ્યું હોત તો આગ ઉપરના માળ સુધી પ્રસરી શકી હોત અને મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત. ફાયર વિભાગની સમયસૂચકતા અને ઝડપી કામગીરીના કારણે મોટી જાનહાનિ ટળી હતી. આ ઘટનાએ ફરી એકવાર જૂની બિલ્ડિંગોમાં ઈલેક્ટ્રિક મીટર અને વાયરિંગના મેઈન્ટેનન્સ અંગે સવાલો ઉભા કર્યા છે.

## હાલોલ નગરમાં મોહરમ પર્વને લઈ પોલીસની ફ્લેગ માર્ચ

હાલોલ : સમગ્ર દેશ સહિત હાલોલ નગરમાં મુસ્લિમ સમુદાયના પવિત્ર તહેવાર 'મોહરમ'ની ભવ્ય ઉજવણી થઈ રહી છે. આવતીકાલે તારીખ ૨૬ જૂન, શુક્રવારના રોજ મોહરમ પર્વ નિમિત્તે નગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.આજે ગુરુવારના રોજ હાલોલ ડીવાયએસપી વી.જે. રાઠોડ અને એસઆરપી પોલીસની અધ્યક્ષતામાં હાલોલ નગરના મુખ્ય માર્ગો પર એક ભવ્ય ફ્લેગ માર્ચ (ફૂટ પેટ્રોલિંગ) યોજવામાં આવી હતી. આ માર્ચ દરમિયાન આવતીકાલે નગરના હુસેની ચોક, કસ્બા ખાતેથી નીકળનારા મોહરમના પરંપરાગત જુલૂસના સમગ્ર રૂટનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.મોહરમ પર્વની ઉજવણી એકદમ શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ માહોલમાં સંપન્ન થાયતે માટે પોલીસ ચૂસ્ત બની હતી.

### બુટલેગરને સ્થળ પરથી દબોચી લીધો હતો

# અર્થ આઈકોનના બેઝમેન્ટમાંથી રૂ.૨.૯૬ લાખનો દારૂ ઝડપાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.25


વડોદરાના વારસીયા વિસ્તારમાં આવેલી અર્થ આઈકોન બિલ્ડિંગના બેઝમેન્ટમાં પાર્ક કરેલી કારમાંથી પોલીસે રૂ.2.96 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી દારૂ અને કાર સહિત રૂ.4.46 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે આ કેસમાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ કરી છે. વડોદરા શહેરમાં આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને પોલીસ ઈન્સ્પેક્ટર વાય. જી. મકવાણાને ચોક્કસ બાતમી મળી હતી કે વારસીયા વિસ્તારમાં આવેલી અર્થ આઈકોન બિલ્ડિંગના બેઝમેન્ટમાં પાર્ક કરાયેલી સફેદ રંગની કારમાં મોટી માત્રામાં ઈંગ્લિશ દારૂનો જથ્થો રાખવામાં આવ્યો છે અને એક વ્યક્તિ ત્યાં હાજર છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી રેઈડ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો અને ક્વાર્ટરિયાં મળી કુલ 1,404 નંગનો જથ્થો મળી આવ્યો હતો. જપ્ત કરાયેલા દારૂની કિંમત રૂ.2.96 લાખ હોવાનું બહાર આવ્યું છે. ઉપરાંત દારૂના પરિવહન માટે ઉપયોગમાં લેવાયેલી કારની અંદાજિત કિંમત રૂ.1.50 લાખ ગણતા કુલ રૂ.4.46 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી હિતેન કમલેશ ફુલવાણી, રહે. ફકીરની ઝૂંપડી પાસે, વારસીયા, વડોદરાની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન દારૂના જથ્થા સાથે સંકળાયેલા વિનોદભાઈ ડાંગી (રહે. વાસદ) અને ઈરફાન અન્સારી (રહે. વડુ) નામના બે શખ્સોની સંડોવણી સામે આવતાં તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. વારસીયા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી તેજ કરી છે. પોલીસે સમગ્ર નેટવર્ક અને દારૂના જથ્થાના સ્ત્રોત અંગે વધુ તપાસ શરૂ કરી છે.

### ભેજવાળી ગટરો અને તૂટેલા ઢાંકણાં અકસ્માતને ખુલ્લું આમંત્રણ

# વોર્ડ નં.૧૩માં વરસાદી પાણીના નિકાલના ઢાંકણા તૂટેલી હાલતમાં

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં મધ્ય ગુજરાત સહિત વડોદરા શહેરમાં પણ ભારે વરસાદની સત્તાવાર આગાહી કરવામાં આવી છે. સામાન્ય રીતે ચોમાસા પૂર્વે કરોડો રૂપિયાના ખર્ચે 'પ્રિ-મોન્સૂન કામગીરી'ના મોટા-મોટા દાવાઓ વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા કાંઈક જુદી જ ચિત્ર રજૂ કરી રહી છે. વરસાદના વિધિવત આગમન પહેલાં જ શહેરના પૂર્વ અને દક્ષિણ વિસ્તારને જોડતા મહત્વના વોર્ડ નંબર ૧૩માં પાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી સામે સ્થાનિક રહીશોએ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તંત્રની ઘોર બેદરકારીને કારણે આ વર્ષે પણ ચોમાસામાં સ્માર્ટ સિટી વડોદરા પાણીમાં ગરકાવ થાય તેવી ભીતિ સેવાઈ રહી છે. વોર્ડ નંબર ૧૩ના વિવિધ વિસ્તારોની





મુલાકાત લેતા જાણવા મળ્યું છે કે, વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી ગટરો કચરા અને ઝાડી-ઝાંખરાથી ભરાયેલી પડી છે. અનેક સ્થળોએ વરસાદી ગટરના મુખ્ય ઢાંકણાં કાં તો તૂટી ગયા છે અથવા તો ગાયબ છે. આ ભેજવાળી અને જર્જરિત સ્થિતિ રોગચાળાને તો આમંત્રણ આપે જ છે, સાથે-સાથે રાત્રિના અંધારામાં કે વરસાદી પાણી ભરાવાના સમયે કોઈ મોટો જીવલેણ અકસ્માત સર્જી શકે તેમ છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, પાલિકાના અધિકારીઓ માત્ર કાગળ પર જ લાઈન સફાઈની કામગીરી બતાવી રહ્યા છે. ચોમાસા દરમિયાન આ વિસ્તારમાં અગાઉ પણ અનેકવાર ઘૂંટણસમા પાણી ભરાઈ જવાના બનાવો બન્યા છે. તેમ છતાં, આ વર્ષે પણ કોર્પોરેશનના સત્તાધીશો આળસ મરોડીને બેઠા હોય તેમ લાગી રહ્યું છે. ખુલ્લી અને જર્જરિત ગટરોના કારણે વયસ્ક નાગરિકો અને નાના બાળકો માટે ઘરની બહાર નીકળવું પણ જોખમી બન્યું છે.

### શહેરમાં ગંભીર લાપરવાહીના બે ચોંકાવનારા બનાવો

# મકરપુરામાં યુવકે કોકરોચની દવા, ફતેપુરામાં ફિનાઈલ પીધુ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

શહેરમાં અકસ્માતે ઝેરી પદાર્થ ગટગટાવી જવાના બે અલગ-અલગ બનાવો સામે આવ્યા છે. મકરપુરા અને ફતેપુરા વિસ્તારમાં રહેતા બે ૨૨ વર્ષીય યુવકો ભૂલથી ઝેરી દવા અને ફિનાઈલ પી જતાં બંનેને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલમાં બંને યુવકો હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં તબીબોની દેખરેખ હેઠળ છે. પ્રથમ બનાવની વિગત અનુસાર, શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી જશોદા કોલોની ખાતે રહેતા ૨૨ વર્ષીય વિકાસ તડવી નામના યુવકે પોતાના ઘરે કોઈ કારણસર ભૂલથી કોકરોચ મારવાની ઝેરી દવા પી લીધી હતી. દવા પેટમાં જતાં જ યુવકની તબિયત લથડી હતી અને તે બેચેન થઈ ગયો હતો. પરિવારજનોને ઘટનાની જાણ થતાં જ તેઓ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે યુવકને સયાજી હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેની તાકીદની સારવાર શરૂ કરી દીધી હતી. જ્યારે અન્ય એક બીજા બનાવમાં, શહેરના ફતેપુરા વિસ્તારમાં આવેલા ભાડવાળા પાસે રહેતા ૨૨ વર્ષીય ઈમરાન શેખ નામના યુવકે અકસ્માતે પોતાના ઘરે રાખેલું ફિનાઈલ પી લીધું હતું. ફિનાઈલ પી જવાને કારણે યુવકને અસહ્ય બળતરા અને ઉલટીઓ થવા લાગી હતી. આસપાસના લોકો અને પરિવારજનો તાત્કાલિક દોડી આવ્યા હતા અને યુવકને લોહીલુહાણ હાલતમાં અટકાવવા અને વધુ નુકસાન ન થાય તે માટે તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે લાવ્યા હતા. આ બંને બનાવો અંગે સ્થાનિક પોલીસે નોંધ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સમાધાન બાબતે કોર્ટમાં કેસ ચાલુ હોવા છતાં ધમકાવ્યો

# સિંગાપુરમા નોકરીની લાલચે નાણાં પડાવ્યા યુવક પર હિંસક હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

સિંગાપુરમાં ઊંચા પગારની નોકરી અપાવવાની લાલચ આપી લાખોની છેતરપિંડી કર્યાના કેસમાં હવે નવો વળાંક આવ્યો છે. વડોદરાના યુવકને ડુબલીકેટ વિઝા આપી રૂપિયા અઢી લાખ પડે આવ્યા હોય છેતરપિંડીનો કેસ ચાલુ છે. ત્યારે આ કેસનુ સમાધાન કરવા આરોપીઓએ વારંવાર દબાણ કર્યું, મારમારી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે માંજલપુર પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે. વડોદરાના મકરપુરા ગામ સ્થિત તુલસીનગરમાં રહેતા અને મંજુસર જીઆઈડીસીની એક ખાનગી કંપનીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા સુરજ ગૌરીશંકર સિંગે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે અનુસાર વર્ષ 2021 દરમિયાન તેમની ઓળખાણ આશિષ હર્ષદ બારોટ અને હાર્દિક સુરેશ ત્રિવેદી સાથે થઈ હતી. બંનેએ સિંગાપુરમાં નોકરી અપાવવાના બહાને રૂ.2.50 લાખ ખર્ચ થશે અને દર મહિને રૂ.1.30 લાખ જેટલો પગાર મળશે તેવી લાલચ આપી હતી. આ વિશ્વાસમાં આવી સુરજે આરોપીઓને રૂ.2.50 લાખ આપ્યા હતા. જોકે બાદમાં તેમને આપવામાં આવેલો વિઝા ડુપ્લિકેટ હોવાનું સામે આવતા તેઓએ પોતાની રકમ પરત માંગતા વિવાદ ઊભો થયો હતો. રૂપિયા પરત ન મળતા સુરજે વર્ષ 2021માં મકરપુરા પોલીસ સ્ટેશનમાં આશિષ બારોટ, હાર્દિક ત્રિવેદી અને હર્ષ ઉર્ફે હાર્દિક રાવલ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. આ કેસ હાલમાં કોર્ટમાં વિચારાધીન છે.

આરોપીઓએ બાદમાં રૂ.1.20 લાખ પરત આપ્યા હતા અને બાકીની રકમ માટે ચેક આપ્યા હોવાનું જણાવાયું છે. દરમિયાન 13 જૂન, 2026ના રોજ દુમાડ ચોકડી નજીક આશિષ બારોટ તથા તેના સાથી ઋષિ વ્યાસ અને રોહિત પાંડે મળ્યા હતા. ત્રણેયે કેસમાં સમાધાન કરવા દબાણ કરી ગાળો આપી લાફા માર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સુરજ સિંગના જણાવ્યા અનુસાર બીજા દિવસે 14 જૂને અલવા નાકા શાક માર્કેટ પાસે ફરી ત્રણેય આરોપીઓએ તેમને રોકી સમાધાન માટે દબાણ કર્યું હતું. ઈનકાર કરતાં ગડદા-પાટુનો માર મારી ધમકી આપી હતી. એટલું જ નહીં, 15 જૂનના રોજ સુસેન-તરસાલી રિંગ રોડ પર પણ આરોપીઓએ રોકી ગાળાગાળી કરી અને કેસ પાછો ખેંચવા દબાણ કર્યું હતુ. સુરજ સિંગ માંજલપુર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને આરોપીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

### મારા પતિને મારા વિરુદ્ધ ચઢમણી કરશો તો ચાકુ મારી દઈશ

# ગોરવામાં સાસુને ચાકુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

ગોરવામાં સાસુ-વહુ વચ્ચેનો પારિવારિક વિવાદ એટલો ઉગ્ર બન્યો કે વહુએ સાસુને ચાકુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરાયો છે. ભયભીત બનેલી મહિલાએ મહિલા હેલ્પલાઈન 181 અને ઈમરજન્સી સેવા 112નો સંપર્ક કરતાં ટીમ સ્થળ પર પહોંચી હતી.

ગોરવા વિસ્તારમાં રહેતી એક મહિલાએ મહિલા હેલ્પલાઈન 181 પર કોલ કરીને પોતાની પુત્રવધુ દ્વારા સતત હેરાનગતિ કરવામાં આવતી હોવાની ફરિયાદ કરી હતી. ફરિયાદ મળતા 181 અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બંને પક્ષોની વાત સાંભળી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, સાસુ અને વહુ અલગ-અલગ રહે છે. જોકે વહુને એવી શંકા હતી કે સાસુ તેના પતિને પોતાની વિરુદ્ધ ભડકાવે છે અને તેના કાન ભરે છે. આ મુદ્દે બંને વચ્ચે અગાઉથી મનદુઃખ ચાલતું હતું. દરમિયાન આ બાબતને લઈને ઉગ્ર બોલાચાલી થઈ હતી અને મામલો વધુ ગંભીર બન્યો હતો. વહુ સાસુના ઘરે પહોંચી હતી અને ચાકુ લઈને ધમકી આપી હતી કે, "હવે પછી મારા પતિને ચડાવશો તો ચાકુ મારી દઈશ." ઘટનાથી ગભરાઈ ગયેલી મહિલાએ તરત જ 181 ઉપરાંત 112 ઈમરજન્સી સેવાની મદદ માગી હતી. 181ની ટીમે સ્થળ પર પહોંચી બંને પક્ષોનું કાઉન્સેલિંગ કર્યું હતું. દરમિયાન જાણવા મળ્યું કે પુત્રવધુ ગર્ભવતી છે અને ભારે ગુસ્સાની સ્થિતિમાં હોવાથી કોઈની સમજણ સ્વીકારવા તૈયાર નહોતી. તેની માનસિક સ્થિતિ અને ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટીમે મામલો આગળની કાર્યવાહી માટે નજીકના પોલીસ સ્ટેશનમાં રીફર કર્યો હતો.

## બ્યુટી પાર્લર સંચાલિકાને હિપ્નોટાઈઝ કરી લૂંટ આચરી ત્રણ મહિલા ફરાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

સંત કબીર રોડ વિસ્તારમાં બ્યુટી પાર્લર ચલાવતી મહિલા ગુરુવારના રોજ બપોરે અંદાજે 1 વાગ્યાથી 1.30 વાગ્યાના સમયગાળા દરમિયાન પોતાના પાર્લરમાં હાજર હતી. તે દરમિયાન ત્રણ અજાણી મહિલાઓ પાર્લરમાં આવી પહોંચી હતી. શરૂઆતમાં મહિલાઓએ ધાર્મિક અને આધ્યાત્મિક વાતો કરીને પાર્લર સંચાલિકાનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન મહિલાઓએ વિવિધ પ્રકારની વાતો કરીને સંચાલિકાને ડરાવી અને ત્યારબાદ તેને હિપ્નોટાઈઝ કરી હોવાનું કહેવાય છે. મહિલાનો આરોપ છે કે આ સ્થિતિનો લાભ ઉઠાવી ત્રણેય મહિલાઓએ તેની પાસેથી રૂ.4 હજાર રોકડા તેમજ ગળામાં પહેરેલું મંગળસૂત્ર મેળવી લીધું હતું. થોડા સમય બાદ ત્રણેય મહિલાઓ ત્યાંથી નીકળી ગઈ હતી.

### ખોટી રીતે વસૂલેલા બે રૂપિયા સત્વરે પરત કરવા આદેશ

# રૂા. ૨ ની લડતમાં સરકારી તંત્રની હાર માહિતી આયોગનો પા.પુ. બોર્ડને આદેશ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

વડોદરાના આ સામાજિક કાર્યકરે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તેમજ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સમક્ષ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ કેટલીક મહત્વપૂર્ણ વિગતો માંગતી અરજીઓ સબમિટ કરી હતી. અરજીના પ્રત્યુત્તરમાં સંબંધિત જાહેર માહિતી અધિકારી દ્વારા નિયત ફી ઉપરાંત વધારાના પાનાની નકલ માટે બે રૂપિયાની માંગણી કરવામાં આવી હતી, જે સામાજિક કાર્યકરે ચૂકવી દીધી હતી. જોકે, અરજદારના ધ્યાને આવ્યું હતું કે કાયદાની જોગવાઈઓ અનુસાર આ ચોક્કસ પરિસ્થિતિમાં તેમની પાસેથી આ ફી વસૂલી શકાય નહીં. સરકારી તંત્રની આ મનસ્વી વસૂલાત સામે ઝૂકવાને બદલે કાયદાકીય લડત આપવાનું નક્કી કરીને વડોદરાના આ સામાજિક કાર્યકરે સમગ્ર મામલો ગુજરાત માહિતી આયોગ સમક્ષ પહોંચાડ્યો હતો. રાજ્ય માહિતી આયોગ સમક્ષ થયેલી સુનાવણી દરમિયાન સામાજિક કાર્યકરે સચોટ પુરાવા અને કાયદાકીય જોગવાઈઓ ટાંકીને રજૂઆત કરી હતી કે પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓએ જે રૂ. ૨ ની ફી વસૂલ કરી છે તે કાયદાની રૂએ તદ્દન ખોટી અને ગેરકાનૂની છે. આ યોગે અરજદારની દલીલો અને પ્રસ્તુત દસ્તાવેજોની ગંભીરતાપૂર્વક ચકાસણી કરી હતી. સુનાવણીના અંતે માહિતી આયોગે સરકારી વિભાગની કામગીરી પ્રત્યે ભારે નારાજગી વ્યક્ત કરી હતી અને સ્વીકાર્યું હતું કે નાગરિક પાસેથી વસૂલાયેલી આ રકમ નિયમોની વિરુદ્ધ છે. માહિતી આયોગે પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના જાહેર માહિતી અધિકારીને કડક તાકીદ કરતા આદેશ આપ્યો છે કે વડોદરાના અરજદાર સામાજિક કાર્યકર પાસેથી ખોટી રીતે વસૂલ કરાયેલા રૂ. ૨ તાકીદે અને સત્વરે પરત કરવામાં આવે. આ સાથે જ આયોગે ભવિષ્યમાં આરટીઆઈ કાયદાની જોગવાઈઓનું અક્ષરશઃ પાલન કરવા અને નાગરિકો પાસેથી આવી કોઈ ગેરકાયદેસર વસૂલાત ન થાય તેની તકેદારી રાખવાની પણ તાકીદ કરી છે. માત્ર બે રૂપિયા જેવા નજીવા મુદ્દે સામાન્ય રીતે લોકો આંખ આડા કાન કરતા હોય છે, ત્યારે વડોદરાના આ જાગૃત સામાજિક કાર્યકરની સૈદ્ધાંતિક લડત અને માહિતી આયોગના આ કડક વલણની વહીવટી વર્તુળો સહિત જનસામાન્યમાં વ્યાપક પ્રશંસા થઈ રહી છે. આ ચુકાદો સાબિત કરે છે કે લોકશાહીમાં કાયદાનું શાસન સર્વોપરી છે.

### વડોદરા કોર્પોરેશન ખાતે સ્થાયી સમિતિની બેઠક

# ૯ કામોને લીલી ઝંડી, માનવદિન સપ્લાય કરવાનું એક કામ નામંજૂર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

સામાન્ય વહીવટી વિભાગ, દબાણ અને સિક્યુરિટી, અગ્નિશમન સેવાઓ, જમીન મિલકત શાખા અને પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગ સહિતના વિવિધ વિકાસલક્ષી કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં લેવાયેલા મુખ્ય નિર્ણયો અં તર્ગત, કોર્પોરેશનના ઈઝ એન્જિનિયરિંગ શાખાના કર્મચારીઓ, જેમની મુદત સપ્ટેમ્બર માસમાં પૂર્ણ થઈ રહી હતી, તેમના સમયગાળામાં વધુ છ મહિનાનો વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, શહેરમાં રખડતા ઢોર અને પશુ આશ્રયસ્થાનો (કેટલ શેડ) માટે લીલા અને સૂકા ઘાસની ખરીદી અંગેની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે. ચોમાસાની ઋતુ અને આપાતકાલીન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અગ્નિશમન વિભાગમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ડ્રાઈવરોની મુદતમાં ૩ મહિનાનો વધારો કરાયો છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે થયેલા ખર્ચ અને ખરીદીને પણ સમિતિ દ્વારા મંજૂર રાખવામાં આવ્યા છે. શહેરના વ્યાપારી હિતોને ધ્યાનમાં રાખી આજવા રોડ પર સયાજીપુરા રાત્રી બજારમાં ભાડાપટ્ટે આપેલી દુકાનોના ધારકોની માંગણી સ્વીકારીને તેમના કરાર વધુ ૩ વર્ષ માટે રિન્યૂ કરવામાં આવ્યા છે.

પશ્ચિમ ઝોનમાં ગોરવા યુપીએચસી પાસે આવેલા ગાર્ડન પ્લોટમાં જાપાનીઝ સ્ટાઈલથી એક નવું નજરાણું તૈયાર કરવાની મંજૂરી અપાતા શહેરીજનોને એક આકર્ષક સ્થળ મળશે. જોકે, પાર્કસ એન્ડ ગાર્ડન શાખા દ્વારા રજૂ કરાયેલ માનવદિન સપ્લાય કરવાનું કામ નામંજૂર કરવામાં આવ્યું હતું અને સત્તાધીશો દ્વારા ટૂંકી મુદતમાં ઝોન વાઈઝ ઈજારા (ટેન્ડર) કરવા માટે કડક સૂચન આપવામાં આવ્યું છે.